**ક્રિમીનલ કેશ નં.૪૭૫૫૦/૨૦૨૫**

આંક :–

| **૩૫ મા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (કોર્ટ નં. ૩૯), અમદાવાદ** | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| વિરુધ્ધ | |
| **વકીલ સુખડી મુખિયા** | આરોપી |

**ગુન્હો : – પ્રોહીબીશન એકટ કલમ– ૬૬(૧)(બી)........ મુજબ.**

**:: હુકમ ::**

**(ગુન્હા કબુલાત કરતા)**

(૧) આ કામના આરોપી/આરોપીઓ સામેના આક્ષેપીત ગુન્હાની વિગત એવી છે કે, આરોપી **જાહેરમાં દારૂ પીધેલ હાલતમાં મળી આવેલા.** આ સંજોગોમાં તેઓને ધોરણસર અટક કરી તપાસ કરનાર અમલદારે તપાસ કરી તેઓ સામે હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ગુન્હાના કામે આરોપીને હાજર રખાવવામાં આવતા, તેઓને પોલીસપેપર્સની નકલો આપવામાં આવેલ, ત્યારબાદ આજરોજ આરોપીએ તેઓ સ્વેચ્છાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનુ જણાવી તે અંગે કબુલાત પુરશીશ રજુ કરેલ છે, તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવા લખી આપેલ છે.

(૩) કેસની હકીકત તથા આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ઘ્યાને લેતા આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરતા કોર્ટ ઉઠતા સુધીની કેદ અને દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનુ જણાય છે. આ બાબત સાથે **નામદાર ગુજરાત હાઈકોર્ટે** ***'નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯)'*** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧) આરોપીને કાયદાની જોગવાઈ મુજબ તેઓ સામેના આક્ષેપીત **ધી.પ્રોહીબીશન એકટના** ઉપરોકત કલમ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને **કોર્ટ ઉઠતા સુધીની કેદ અને રૂપીયા ૨૦૦/– દંડ કરવામાં આવે છે.**

૨) દંડની રકમ નહી ભરવાની કસુર બદલ **દિન– ૨ ની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

૩) અપીલ સમય વિત્યે : ૧) પ્રોહીબીટેડ મુદામાલનો નાસ કરવો, ૨) મુદામાલ રોકડ રકમ કબજે થયેલ હોય તો તે સરકાર ખાલસા કરવી, ૩) મુદામાલ વાહન અને મોબાઈલ સબંધે વચગાળાના તબકકે કોઈ હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વ્યિે કાયમ કરવામાં આવે છે અન્યથા તે મુદામાલ જે ઈસમ પાસે થી કબજે થયેલ હોય તેમને પરત કરવો.

૪) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં લોક અદાલતના સ્પેશ્યલ શીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

**તા. ૦૮/૦૩/૨૦૨૫**

**(દશરથસિંહ જાલમસિંહ પરમાર)**
૩૫ મા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર,
**કોડ નં.જી.જે. ૦૧૧૭૧.**

**#RANGREJ#**